# હીપેટાઈટીસ-બી થી પિડીત મહિલાનું સિવિલમાં સારવાર દરમ્યાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં હીપેટાઈટીસ-બી થી પ્રથમ મૃત્યુ નોંધાયું છે. સે. ૧૭ની મહિલા આ રોગનો ભોગ બની હતી અને જેનુ સારવાર દરમ્યાન ગઈકાલે રાત્રે સિવિલ હોસ્પિટલમાં અવસાન થયુ છે. શહેરમાં કમળાના છુટા-છવાયા કેસો પણ મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૭ના બ્લોક નં. ૩૩/૩ 'છ'-ટાઈપમાં રહેતા ગીતાબેન પી. પ્રજાપતિને કમળો થયો હતો અને તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ મહિલા દર્દીને બે દિવસ પૂર્વે જ તબિયત વધુ બગડતાં આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતા.

તેમના લોહીના નમુનાઓનું પરીક્ષણ કરાતાં તેણીનીનો હીપેટાઈટીસ-બી હોવાનું જણાયુ હતુ. તેણીનીને ડાયાબીટીસ પણ જણાયો હતો.

સઘન સારવારને અંતે ગઈકાલે રાત્રે ગીતાબેને અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ ગાંધીનગર તાલુકાના ડભોડા ગામના રહીશ હતા.

દરમ્યાન મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં છુટાછવાયા કમળાના કેસો પણ મળવાના શરૂ થયા છે. શહેરમાં પાંચ થી વધુ કેસ ગયા મહિને નોંધાયા હતા.

શહેરમાં હીપેટાઈટીસ-બીનો પ્રથમ કેસ મળતાં આરોગ્ય તંત્ર પણ હરકતમાં આવ્યું છે. શહેરમાં ગરમીનો પ્રકોપ જે રીતે વધી રહ્યો છે તેને લઈ તંત્રએ પણ લોકોને બહારનુ ખાવાનું ઓછુ કરવુ જોઈએ તેમજ ખુલ્લામાં રહેતુ ખાવાનુ બને ત્યાં સુધી ટાળવુ જોઈએ તેવુ જનજાગૃતિ અભિયાન છેડવાની વિચારણા હાથ ધરી છે.

શહેરમાં બે વર્ષ પૂર્વે નવા સેકટરોમાં કમળાના કેસો મોટી સંખ્યામાં મળ્યા હતા તેથી હવે તંત્ર તેની જાગૃતિ લોકોમાં વધે તે માટેના પ્રયાસો કરવાની દિશામાં સક્રિય વિચારણા કરી રહેલ છે.



વૃક્ષ મંડપ - ગાંધીનગર સ્વર્ણિમ માર્ગનું આ દશ્ય આંખને ઠંડક આપે અને સમગ્ર જાતને પણ ઠંડક આપે... વાતાવરણ ભવ્ય, પ્રકૃતિનો વૈભવ ભવ્ય, પીળા ચટાક ફુલોથી લદાયેલા આ વૃક્ષો કેટલા નમ્ર બનીને જાણે કે રાહદારીનું સ્વાગત કરતા હોય એવું ઠંડકવાળું વિનમ્ર દશ્ય નગરની સુંદરતાની પ્રતિતિની સાથે સાથે જાણે કે વૃક્ષોએ મંડપ રચ્યો હોય.... *(તસવીર : દિપક જાની)*

# પાટનગર યોજનાના કર્મચારીઓને ઠંડા કરવા એરકુલરો મુકાયા!

## પાર્ટીસન બેઈઝ ફર્નિચરના લીધે ગરમીમાં ગુંગળામણ અનુભવતા કર્મચારીઓને રાહત થશે

ગાંધીનગર, તા.૬

ગરમીનો પારો ૪૧ ડીગ્રીની



પાર રહેતા આક્રમક ઉનાળાના લીધે જનજીવન પ્રભાવિત થયું છે. કર્મચારીઓ પણ અસહ્ય ગરમીથી તોબા પોકારી ગયા છે. આવા સંજોગોમાં પાટનગર યોજના ભવનના કર્મચારીઓને ગરમીમાં થોડી રાહત આપવા એર કુલરો મુકવામાં આવ્યા છે.

ઉનાળો આકરો બનતા નગરજનો અસહ્ય ગરમીથી બેબાકળા બની ગયા છે. આકરા તાપના લીધે બપોરના સમયે શહેરના માર્ગો પર સન્નાટો જોવા મળે છે. વેકેશન અને ગરમીની મૌસમમાં આમ નાગરિકો કામ સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. જયારે વાતાવરણમાં આકરી ગરમી વચ્ચે જોવા મળતા નાટયાત્મક પલ્ટાના લીધે ભેજના પ્રમાણમાં વધઘટ જોવા મળી રહી છે. સરકારી કર્મચારીઓ પણ ગરમીના કહેરથી તોબા પોકારી ગયા છે. પાટનગર યોજના ભવનમાં વિવિધ ડિવિઝનલ કચેરીઓને કોર્પોરેટ લૂક અપાયા બાદ મોડયુલર ફર્નિચરની પેટર્ન ગરમીની ઋતુમાં મુંઝવણરૂપ બની છે. પાર્ટીસન મુજબની આ પેટર્ન એ.સી. ઓફીસો માટે શ્યુટેબલ હોવાનું મનાય છે. પરંતુ પાટનગર યોજના ભવનની સાંકડી કચેરીઓમાં પાર્ટીસન બેઈઝ ફર્નિચર ગરમીની ઋતુમાં કર્મચારીઓ માટે ગુંગળામણ રૂપ બન્યુ છે. જેના લીધે હવાની અવર જવર યોગ્ય રીતે ન થતા કર્મચારીઓએ પરસેવે ભીંજાવાનો વારો આવ્યો છે. બીજી તરફ ગરમીએ હદ ઓળંગતા કર્મચારીઓને ઠંડા કરવા તંત્ર દ્વારા એર કુલરો મુકવામાં આવ્યા છે. આજે દિવસ દરમિયાન વિવિધ ડિવિઝનલ કચેરીઓમાં કુલરો લગાવી દેવાયા હતા.

# જાહેર વિતરણ વ્યવસ્થાની તપાસ માટે કેન્દ્રના અધિકારી ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૬

ભારત સરકારના નાગરિક પુરવઠા વિભાગના અધિક સચિવ અને નાણાંકીય સલાહકાર શ્રી પી.કે. જ્હા ગુજરાતમાં બારકોડેડ સિસ્ટમના અમલીકરણના અભ્યાસ માટે બે દિવસના પ્રવાસે આવ્યા છે.

શ્રી જ્હાએ આજે ગાંધીનગર તાલુકાના કોબા ગામની સસ્તા અનાજની દુકાન તથા ગોડાઉનની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપ સાથે પણ આ સિસ્ટમને લઈ કેટલોક પરામર્શ કર્યો હતો.

જિલ્લા પુરવઠા અધિકારી નિશાબેન શર્મા સાથે પણ બારકોડેડ સિસ્ટમમાં અરજીઓની સ્વીકૃતિ તેમજ અરજીઓના નિકાલની કાર્યપદ્ધતિ સહિતની જાણકારી મેળવી હતી.

તેમણે બપોર બાદ રાજ્યના પુરવઠા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ પ્રેઝન્ટેશનને પણ સચિવાલય ખાતે નિહાળ્યુ હતુ.

શ્રી જ્હા કાલે સવારે વડોદરાની મુલાકાતે જનાર છે. આ પછી તેઓ વડોદરાથી સીધા દિલ્હી જવા રવાના થશે.

# એસ.ટી. ડેપોમાં પોલીસ ચોકી માટે ટૂંક સમયમાં જગ્યા ફળવાશે

## ભાડા પેટે જગ્યા ફાળવવી કે કેમ તે અંગે પણ નીતિ નક્કી કરશે

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર એસ.ટી ડેપોમાં અનેક રજુઆતોના અંતે પણ પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાયો નથી. પોલીસ પહેરાના અભાવ વચ્ચે ડેપો સંકુલમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. જો કે ટૂંક સમયમાં જ પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવામાં આવે તેવા સંકેતો પ્રાપ્ત થયા છે. આ મામલે સેન્ટ્રલ ઓફીસ કક્ષાએથી જરૂરી પત્રવ્યવહાર પણ કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર એસ.ટી.ડેપો ને મોડેલ ડેપો બનાવવાના ભાગરૂપે તબક્કાવાર નવા કામો હાથ ધરવામાં આવે છે. એસ.ટી ડેપોમાં જૂની ખખડધજ સી.એન.જી બસો દુર કરીને નવી ડીઝલ બસો ફાળવવામાં આવી છે. આ ઉપરાંત વીજળી બચતના ભાગરૂપે સોલાર પેનલ સિસ્ટમ પણ લગાવી દેવામાં આવી છે. જયારે એસ.ટી સંકુલને

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓ કચેરીમાં સિંગલ વિન્ડો સીસ્ટમ નિષ્ફળ

## અરજદારોના કામોનો નિકાલ ન થતો હોવાથી સર્જાતો ભારે આક્રોશ

ગાંધીનગર,તા.૬

શહેરના ગ-માર્ગ પર સ્થિત રાજયની પ્રથમ પેપરલેસ આર.ટી.ઓ કચેરીનો વહીવટ છેલ્લા કેટલાય સમયથી કથળી ગયો હોવાની બુમરાણ મચવા પામી છે. અદ્યતન કહેવાતી આ આર.ટી.ઓ કચેરીમાં છેલ્લા ૧૫ દિવસથી કાર્યરત સિંગલ વિન્ડો સિસ્ટમના આધારે ઝડપી અને યોગ્ય કામગીરી થતી ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

ગ-માર્ગ પર સ્થિત આર.ટી.ઓ કચેરીમાં અરજદારોનો સમય ન બગડે અને લાયસન્સ ઈસ્યુ કરવાથી લઈ વાહનોની નોંધણી, ટ્રાન્સફર સહિતના કામો સરળતાથી થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાની ગુલબાંગો હાંકવામાં આવે છે. પરંતુ વખતોવખત અરજદારોએ અવ્યવસ્થાનો ભોગ બનતું હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. સર્વર ડાઉન થતું હોવાના કારણે સિસ્ટમ કાર્યરત ન હોવાથી પણ અનેક વખત કચેરીની કામગીરી થપ્પ થઈ ગઈ હોવાના પણ દાખલા છે. અગાઉ પ્લાસ્ટિક કાર્ડ્સના અભાવે અરજદારોને લાંબા સમય સુધી લાયસન્સ પણ મળ્યા ન હતા જયારે હાઈસિક્યુરિટી નંબરપ્લેટ પણ નિયત સમયે તૈયાર ન થતી હોવાની ફરિયાદો ઠવા પામી હતી. લાયસન્સ માટે તૈયાર કરાયેલ ડ્રાઈવિંગ ટેસ્ટીંગ ટ્રેકમાં પણ વારંવાર અકસ્માતો થતા હોવાનું ધ્યાને આવ્યું છે. આ સઘળી સ્થિતિ વચ્ચે હાઈટેક આર.ટી.ઓ કચેરીમાં અરજદારો એ હોબાળો મચાવ્યો હોવાના પણ અનેક કિસ્સાઓ ધ્યાને આવે છે. બીજી તરફ છેલ્લા ૧૫ દિવસથી કચેરીમાં આવતા અરજદારોના જનરલ કામો માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરુ કરવામાં આવી છે. આ વિન્ડો સિસ્ટમના આધારે વાહન નોંધણી, વાહન ટ્રાન્સફર તેમજ ટ્રાન્સપોર્ટના હેવી વ્હીકલના સર્ટીફીકેટ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આર.ટી.ઓ માં મેનપાવરનો આમ પણ અભાવ વર્તાય છે. તેવા સંજોગોમાં ચાર્જમાં કાર્યરત એ.આર.ટી.ઓ કક્ષાએ થી પણ અરજદારોની જરૂરી અરજીઓનો સમયસર નિકાલ આવતો ન હોવાની બુમરાણ ઠવા પામી છે. સિંગલ વિન્ડો સિસ્ટમના લીધે અરજદારોએ પારાવાર હાલાકી ભોગવવી પડતી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

# વનચેતના કેન્દ્ર અને અંતિમધામમાં શ્રમિકોને પગરખાનુ વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૬

શહેર વસાહત મહામંડળ તેમજ અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા વનચેતના કેન્દ્ર તેમજ અંતિમધામ ખાતે આકરી ગરમીમાં કામ કરતા શ્રમિકોને પગરખાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. ૩૦૦ જેટલા શ્રમિકાને બળબળતા તાપમાં પગરક્ષણ પુરૂ પાડવામાં આવ્યું હતું.

ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં કામ કરતા ઉઘાડ પગા શ્રમિકોને પગરક્ષણ આપવાનુ ઉમદા કાર્ય પ્રતિવર્ષ શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજે પણ શહેર વસાહત મહામંડળ તેમજ અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા શ્રમિકોને પગરખાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા મુજબ વનચેતના કેન્દ્ર ખાતે વાવેતરનું કામ કરતા ૨૫૦ જેટલા મજૂરોને પગરખા પહોંચાડવામાં આવ્યા હતા. પગરખા વિતરણના આ અભિયાનમાં શહેર વસાહત મહામંડળના પદાધિકારીઓ મયુર વ્યાસ, નિલેન્દુ વોરા સહિત વન વિભાગના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. આ ઉપરાંત સે. ૩૦ સ્થિત અંતિમધામ ખાતે કામ કરતા મજૂરોને પણ પગરક્ષણ પુરૂ પાડવામાં આવ્યુ હતું. વધુમાં અરૂણોદય સેવા ટ્રસ્ટના સહયોગથી વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને નેપકીન સહીતની જરૂરી ચીજવસ્તુઓનુ પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરની દિકરીની સાસરીમાં રહસ્યમય હત્યા

## સાસરીયાઓની અમાનુષી હરકતથી શિક્ષિત સમાજમાં હડકંપ મચી જાય તેવો કિસ્સો : ધગધગતી ઈસ્ત્રીના ડામ આપીને સે.૧૩માં રહેતી પરિણીતાની સાસરીમાં રહસ્યમય હત્યા

ગાંધીનગર,તા.૬

અત્યંત વિકૃત માનસ ધરાવતા સાસરીયાઓની અમાનુષી હરકતથી શિક્ષિત સમાજમાં હડકંપ મચી જાય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના સે.૧૩ ની પરણીતાને તેણીના સાસરીયાઓએ શરીરના ભાગે ધગધગતી ઈસ્ત્રીના ડામ અને સોલ્ડરીગ મશીનથી ડા ઘા પાડીને રહસ્યમયરીતે મોતને ઘાટ ઉતારી હોવાના આક્ષેપ સાથેની ફરિયાદ મૃતક પરિણીતાના પિયરપક્ષે પોલીસને કરી છે. જેમાં પરિણીતા દહેજની માંગણીનો ભોગ બની હોવાનો પણ આક્ષેપ છે. જો કે પોલીસે હજુ સુધી આપઘાતનો જ ઉલ્લેખ ફરિયાદમાં કરી પેનલ ડોકટરથી પી.એમ કરાવ્યું છે. મૃતકના પરિવારજનો નો અક્ષેપ એ પણ છે કે સાસરીયાઓએ હત્યા કરીને મૃતદેહ સ્મશાનમાં લઈ જઈ મામલો સગેવગે પણ કરી દેવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે પોલીસની કાર્યવાહી પર પણ શંકાઓ ઠવા પામી છે.





**સોલ્ડરીંગ મશીનથી શરીરમાં ડાઘા પાડી દીધા : મામલો સગેવગે કરવા સાસરિયાઓ ઉતાવળે અંતિમવિધિ કરી નાંખવાની પેરવીમાં હતા : દિકરીના પિતાનો સાસરિયાઓ પર હત્યાનો આરોપ : ખંભાત પોલીસની ભૂમિકા પણ શંકાસ્પદ**

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સે.૧૩ માં રહેતા નરેન્દ્રભાઈ પુંજાભાઈ દરજી એ તેમની દીકરી મેઘના સાથે ૨જી જુલાઈ ૨૦૦૯ ના રોજ ખંભાત ખાતે આવેલા શકરપુર, વણકરવાસમાં રહેતા જયોતીન્દ્ર ઉર્ફે જયેશ ટંકર સાથે લગ્ન કરાવ્યા હતા. લગ્ન બાદ છેલ્લા ઘણા સમયથી મેઘનાબેનના પતિ સહીત દિયર, જેઠ, નણંદો, જેઠનો છોકરો અને સાસુ મળીને અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપી મારઝૂડ કરતા હતા. બે દિવસ જથી મે એ નરેન્દ્રભાઈને ખંભાતથી ફોન આવ્યો કે તમારી દીકરીને શોર્ટ લાગ્યો છે,આપઘાત કરી લીધો છે અને મારી ગઈ છે. અમે અંતિમવિધિ માટે લઈ

● અનુસંધાન પાન-૭ પર


IITE

INDIAN INSTITUTE OF TEACHER EDCATION, GANDHINAGAR

**ટુંકી મુદતની ઓફીસ સ્ટેશનરી ખરીદવાની નિવિદા**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન માટે ઓફીસ સ્ટેશનરી ખરીદવાની થાય છે. જેની વિગતો www.iite.ac.in ઉપર મુકવામાં આવી છે. રસ ધરાવતા આ કામના ઈજારદારોએ વેબસાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરીને તા. ૨૩/૫/૨૦૧૪ સુધીમાં રજીસ્ટર એ.ડી. ટપાલથી ભાવો મોકલવાના રહેશે.

તા. ૬/૫/૨૦૧૪ ગાંધીનગર — કા. કુલસચિવ આઈઆઈટીઈ





**શ્રી ઉમિયા માતાજીનો ૧૧મો પાટોત્સવ તા. ૧૩/૫/૨૦૧૪ને મંગળવારે નિધરિલ હોઈ દરેક સભ્યોએ પોતાના પરિવાર માટે ભોજનપાસ તા. ૧૧મી બપોર સુધી મેળવી લેવા વિનંતી છે. ત્યારબાદ માફ કરશો. ટ્રસ્ટીઓને - રૂમદાતાઓને પત્રિકા સાથે બે પાસ રાખેલ છે. લિ. ભોળાભાઈ પટેલ - મહામંત્રી**

**શ્રી કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર**



**નામ બદલેલ છે**

મારું નામ જોષી ચેતના રમેશચંદ્ર હતું તે બદલી બુચ ચેતના અરૂણ રાખેલ છે. જેની નોંધ લેવા વિનંતી.

લિ.

બુચ ચેતના અરૂણ

પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ, સેકટર-૨૦, ગાંધીનગર



SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



GSPC

Sealed tenders are invited from experienced and qualified agencies for servicing and maintenance of Air-conditioners at GSPC Bhavan, Gandhinagar. Copy of Tender document can be downloaded from our website **www.gspcgroup.com** from 7th May to 14th May 2014 or hard copy can be purchased from our office by paying tender fee of Rs.200/- by cheque/demand draft in favour of "Gujarat State Petroleum Corporation Ltd.," during the above period. **Bidders are requested to submit their tender document latest by 16th May, 2014, 1700 hrs. at the below mentioned address:**

Registry

GUJARAT STATE PETROLEUM CORPORATION LTD.

(A Govt. Of Gujarat Undertaking)

GSPC Bhavan, B/h Udyog Bhavan, Sector-11, Gandhinagar

Phone: 079 66701716



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા



BIRLA TYRES Unbeatable! · CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯


Govt. of India Regd. No. 38383 / 82 *માલિક - પ્રકાશક - મુદ્રક :* પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. *તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧* E-mail : gandhinagarsamachar@yahoo.com